


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

**Gandhinagar Office :** Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-28 ■ અંક-32 ■ તા. 18-8-2024 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

# જમ્મુમાં ભારે વરસાદ, મા વૈષ્ણોદેવી રોડ પર ભૂસ્ખલન; શ્રદ્ધાળુઓની અવરજવર પર પ્રતિબંધ







હિમાચલ પ્રદેશના રામપુરમાં શુક્રવારે મોડી રાત્રે વાદળ ફાટ્યું હતું. જેના કારણે તકલેચ-નોગલીમાં ૩૦ મીટર સુધીનો રોડ ધોવાઈ ગયો હતો. મંડીમાં ભારે વરસાદને કારણે ચંદીગઢ-મનાલી નેશનલ હાઈવે બંધ થઈ ગયો છે.ઉત્તરપ્રદેશના કાનપુરમાં ગંગા નદી ભયજનક નિશાનથી માત્ર ૧ મીટર નીચે વહી રહી છે. જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. લગભગ ૫૦ હજાર લોકો પૂરથી અસરગ્રસ્ત થયા છે.જમ્મુમાં ભારે વરસાદમાં માતા વૈષ્ણોદેવી રોડ પર બે જગ્યાએ ભૂસ્ખલન જમ્મુમાં ભારે વરસાદ વચ્ચે ગુરુવારે મા વૈષ્ણો દેવી ભવન ખાતે બે જગ્યાએ ભૂસ્ખલન થયું હતું. બુધવારે રાત્રે શરૂ થયેલો ભારે વરસાદ ગુરુવારે સવાર સુધી ચાલુ રહ્યો હતો. ગુરુવારે સવારે લગભગ ૧૧:૦૦ વાગ્યે, મા વૈષ્ણો દેવી માર્ગ પર બાણગંગા વિસ્તારમાં ગુલશન નગર પાસે ભૂસ્ખલન થયું અને ટીન શેડ પર મોટા પથ્થરો પડ્યા હતા. જો કે, સદનસીબે કોઈ ભક્તોને ઈજા થઈ ન હતી.હિમાચલ પ્રદેશમાં ૩૧ જુલાઈની રાત્રે કુલ્લુ, મંડી અને શિમલા જિલ્લામાં વાદળ ફાટ્યું હતું. જેના કારણે આ જિલ્લાઓમાં ૫૬થી વધુ લોકો તણાઈ ગયા હતાહવામાન વિભાગે કર્ણાટકમાં ૪ અઠવાડિયા સુધી ભારે વરસાદની આગાહી કરી છે, અધિકારીઓએ માછીમારોને આગામી ૪ દિવસ સુધી દરિયામાં ન જવા જણાવ્યું છે.૧૮ ઓગસ્ટે હવામાન વિભાગે હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ગોવા, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ઓડિશા, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, પુડુચેરી, લક્ષદ્વીપમાં ભારે વરસાદની ચેતવણી આપી હતી. , કર્ણાટક, આંધ્રપ્રદેશમાં વરસાદની સંભાવના છે.હવામાન વિભાગે ઓડિશામાં ૧૭-૨૦ ઓગસ્ટ દરમિયાન ભારે વરસાદની આગાહી કરી છે. ૧૪ જિલ્લામાં હાઈ એલર્ટ છે. પહાડી વિસ્તારોમાં ભૂસ્ખલન અને પૂરની પણ આશંકા છે.બિહારમાં ચોમાસું સંપૂર્ણ રીતે સક્રિય છે. આજે ૧૦ જિલ્લામાં વરસાદની સંભાવના છે. આ ઉપરાંત કેટલાક જિલ્લામાં ભારે પવન ફૂંકાવાની શક્યતા છે. આ દરમિયાન, સરેરાશ મહત્તમ તાપમાન ૩૨ થી ૩૬ ડિગ્રી વચ્ચે રહેશે.

# કમલાને હરાવવા ટ્રમ્પે હિંદુ નેતાની માગી મદદ, પહેલા પણ અનેક ડિબેટમાં કરી ચૂક્યાં છે પરાજિત







અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ અને પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે રાષ્ટ્રપતિની ચૂંટણીને લઈને ડિબેટ થવા જઈ રહી છે. જેની ટ્રમ્પે તૈયારીઓ શરૂ કરી દીધી છે. સૂત્રો અનુસાર ટ્રમ્પે ડિબેટ સ્પીચમાં પોતાના પક્ષને અસરકારક બનાવવા માટે ભૂતપૂર્વ ડેમોક્રેટિક કોંગ્રેસ મહિલા અને હિંદુ-અમેરિકન નેતા તુલસી ગબાર્ડની મદદ માગી છે. ડોનાલ્ડ ટ્રમ્પ અને ભારતીય મૂળના નેતા કમલા હેરિસ ૧૦ સપ્ટેમ્બરે મીડિયા સામે એકબીજા સાથે ડિબેટ કરશે. ૨૦૨૦ ની રાષ્ટ્રપતિની રેસ પછી તુલસીએ ડેમોક્રેટિક પાર્ટી છોડી દીધી અને ટ્રમ્પના સમર્થક બની ગયા. લાંબા સમયથી તેની ટ્રમ્પ સાથે મિત્રતા છે.

તુલસી ગબાર્ડનો જન્મ અમેરિકન સેમોન વંશના યુએસ રાજ્ય હવાઈના વતની એક પરિવારમાં થયો હતો. તેમના પિતા કેથોલિક હતા અને તેમની માતા હિંદુ ધર્મના હતા. તુલસી ગબાર્ડે પણ હિંદુ ધર્મ અપનાવ્યો છે. તે ભારત અને અમેરિકા વચ્ચે સારા સંબંધોના હિમાયતી રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પ ડિબેટની તૈયારીમાં વ્યસ્તટ્રમ્પ કમલા હેરિસ સામેની પ્રથમ પ્રમુખપદની ડિબેટને ખૂબ જ ગંભીરતાથી લઈ રહ્યા છે. ટ્રમ્પ ઈચ્છે છે કે જે રીતે તેમણે પહેલી ડિબેટમાં જો બાયડેનને હરાવ્યા હતા, તેવી જ રીતે તેઓ કમલા હેરિસને ડિબેટમાં હરાવીને મતદારોને રીઝવવાનો પ્રયાસ કરશે. આ જ કારણ છે કે ટ્રમ્પ ડિબેટની તૈયારીમાં કોઈ કસર છોડવા માંગતા નથી. અમેરિકન મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પૂર્વ ડેમોક્રેટ સાંસદ તુલસી ગબાર્ડ આ કામમાં ટ્રમ્પની મદદ કરી રહ્યા છે. ૨૦૧૯માં ડિબેટમાં હેરિસને તુલસીએ પરાજય આપ્યો

ગબાર્ડે ૨૦૨૦માં ડેમોક્રેટ પાર્ટી છોડી દીધી હતી અને હવે તેને ટ્રમ્પ સમર્થક માનવામાં આવે છે. વર્ષ ૨૦૧૯માં તુલસી ગબાર્ડે એક ડિબેટ દરમિયાન કમલા હેરિસને ખરાબ રીતે હરાવ્યા હતા અને હેરિસને ઘણા મુદ્દાઓ પર અવાચક છોડી દીધા હતા. આથી ડોનાલ્ડ ટ્રમ્પને ડિબેટ માટે તૈયાર કરવા માટે તુલસી ગબાર્ડની પસંદગી કરવામાં આવી છે. ૨૦૨૦ માં યુએસ રાષ્ટ્રપતિ પદના દાવેદારોમાં તુલસી ગબાર્ડ અને કમલા હેરિસનું નામ પણ હતું. આ કારણે ૨૦૧૯માં ડેમોક્રેટ પ્રાઈમરી ઈલેક્શન દરમિયાન બંને વચ્ચે ડિબેટ થઈ હતી.

# ગુજરાતી ફિલ્મ 'કચ્છ એક્સપ્રેસ'ને ત્રણ નેશનલ એવોર્ડ

નવી દિલ્હી,

૭૦માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોની જાહેરાત થઈ ગઈ છે. આજે શુક્રવાર, ૧૬ ઑગસ્ટના રોજ પુરસ્કારની જાહેરાત કરાઈ છે. જેમાં સાઉથની સ્ટાર નિત્યા મેનન અને ગુજરાતી માનસી પારેખને શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ મળ્યો છે. ગુજરાતી ફિલ્મ કચ્છ એક્સપ્રેસ (દ્રેંષ્ઠર ઈટૅીજજ)ને ત્રણે નેશનલ એવોર્ડ મળ્યા છે. ગુજરાતી ફિલ્મ 'કચ્છ એક્સપ્રેસ'માં માનસી પારેખ ગોહિલ લીડ રોલમાં છે. અભિનેત્રીએ આ ફિલ્મમાં 'મોંઘી'નું પાત્ર ભજવ્યું છે. જે તેના સપનાઓ પૂર્ણ કરવા એક નવી સફર શરૂ કરે છે. તેનું માનવું છે કે, "જીવતરમાં રંગ હોય કે ના હોય, પણ લાગણીઓમાં જરૂર રંગ હોવા જોઈએ. રામ મોરી લિખિત અને વિરલ શાહ દિગ્દર્શિત ફિલ્મ 'કચ્છ એક્સપ્રેસ'માં રત્ના પાઠક શાહ, માનસી પારેખ, ધર્મેન્દ્ર ગોહિલ, દર્શિલ સફારી અને વિરફ પટેલ મુખ્ય ભૂમિકામાં છે. તેમની સાથે કૌશાંબી ભટ્ટ, કુમકુમ દાસ, હીના વર્દે, રીવા રાચ્છ, માર્ગી દેસાઇ, ભૂમિકા બારોટ, ડેનિશા ઘૂમરા, ગરિમા ભારદ્વાજ, પ્રિયંકા ચૌહાણ, અનુજ શર્મા, મોહમ્મદ અરમાન, યુરી ગુબનોવ અને હેમાંગ બારોટ પણ છે. આ ફિલ્મમાં સંગીત સચિન- જીગરનું છે. ફિલ્મને પ્રોડ્યુસ માનસી પારેખ અને પાર્થિવ ગોહિલએ કરી છે જ્યારે પ્રેઝન્ટ સૉલ સુત્રાએ કરી છે. ગયા વર્ષે જાન્યુઆરીમાં રિલીઝ થયેલી ગુજરાતી ફિલ્મ 'કચ્છ એક્સપ્રેસ' જોઈ ઉદ્યોગપતિ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન મુકેશ અંબાણીએ ફિલ્મના ખૂબ વખાણ કર્યા હતા. ફિલ્મ માટે તેમણે અભિનેત્રી માનસી પારેખ ગોહિલને પણ બિરદાવી હતી. અભિનેત્રી અને નિર્માતા માનસી પારેખે ૨૦૦૪ની સીરીયલ કિતની મસ્ત હૈ જીંદગીથી ઓળખ મેળવી હતી. તેણીએ ૨૦૨૩ની ગુજરાતી ફિલ્મ કચ્છ એક્સપ્રેસમાં તેની મુખ્ય ભૂમિકા માટે શ્રેષ્ઠ અભિનેત્રીનો રાષ્ટ્રીય પુરસ્કાર જીત્યો છે. ગુજરાતમાં જન્મેલી માનસી પારેખ અભિનેત્રી હોવા ઉપરાંત તે સિંગર પણ છે. તેણીએ ૨૦૦૫ માં સ્ટાર વનની ટેલિવિઝન શ્રેણી, ઈન્ડિયા કોલિંગ દ્વારા લોકપ્રિયતા મેળવી હતી. તે રિયાલિટી શો યા રોકસ્ટાર પણ જીતી ચૂકી છે. બાદમાં માનસીએ યે કૈસી લાઈફથી હિન્દીમાં પ્રવેશ કર્યો. તેણીએ કસૌટી જીંદગી કે, કાવ્યંજલિ, સાત ફેરેઃ સલોની કા સફર, સાથ નિભાના સાથિયા, સરસ્વતીચંદ્ર અને કસમ તેરે પ્યાર કી સહિતની ઘણી ટેલિવિઝન સિરિયલોમાં અભિનય કર્યો છે.

# ગુજરાત સરકાર દ્વારા યુવક-યુવતીઓ માટે યોજાશે 'સાગરખેડૂ સાયકલ રેલી'

ગુજરાતના યુવક-યુવતીઓ સાગરકાંઠે વસવાટ કરતા નાગરિકોનું લોકજીવન, મુશ્કેલીઓ, તેમની કલા અને સંસ્કૃતિને જાણીને તેનો પ્રત્યક્ષ અનુભવ કરી શકે, તેવા ઉમદા આશયથી નવેમ્બર-૨૦૨૪માં 'સાગરખેડૂ સાયકલ રેલી'નું આયોજન કરવામાં આવશે. આ સાયકલ રેલીમાં સહભાગી થવા માટે રાજ્યના ૧૫ થી ૩૫ વર્ષની વય ધરાવતા યુવક-યુવતીઓ આગામી તા. ૩૧મી ઓગસ્ટ સુધી અરજી કરી શકશે. આ સાયકલ રેલી જામનગર, આણંદ અને વલસાડ જિલ્લામાં યોજાશે, તેમ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીની યાદીમાં જણાવ્યું છે.સાગરખેડૂ સાયકલ રેલીમાં જોડાવવા ઈચ્છુક યુવક-યુવતીઓએ જે તે જિલ્લાની યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ખાતેથી નિયત નમૂનાનું અરજી ફોર્મ મેળવવાનું રહેશે. આ અરજી ફોર્મમાં દર્શાવેલી તમામ વિગતો ભરીને, તેની સાથે શારીરિક તંદુરસ્તી ધરાવતા હોવાનું તબીબી પ્રમાણપત્ર, વાલીની સંમતિ, તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝનો ફોટો વગેરેની તમામ માહિતી અરજી ફોર્મ સાથે જોડીને અરજી જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી-જામનગર, આણંદ અથવા વલસાડને મોકલી આપવાની રહેશે.

# વડોદરા કોર્પોરેશનમાં નવીન વર્ધિત પેન્શન સ્કીમ અને કુટુંબ પેન્શનને કારણે આર્થિક ભારણ વધશે

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની મળેલી સ્ટેન્ડિંગ સમિતિની બેઠકમાં નવીન વર્ધિત પેન્શન સ્કીમ હેઠળ સમાવિષ્ટ કર્મચારીના ફાળા સામે આપવા પાત્ર ફાળામાં વધારો કરવા તેમજ આ સ્કીમ હેઠળ સમાવિષ્ટ કર્મચારીની અશક્તતા અથવા મરણના પ્રસંગે કુટુંબ પેન્શન આપવા સંદર્ભેની બે દરખાસ્ત મુલતવી રાખવામાં આવી હતી. આ દરખાસ્તના કારણે કોર્પોરેશન પર આર્થિક ભારણ વધે તેમ છે. જેના લીધે આ બંને દરખાસ્ત પર હજી વધુ પુખ્ત વિચારણાની આવશ્યકતા ઊભી થઈ છે.

વડોદરા કોર્પોરેશન દ્વારા અગાઉ નવી વર્ધિત પેન્શન યોજના સ્વીકારી છે, અને તેમાં અનેક વખત સુધારા વધારા પણ થયા છે. જે સ્વીકારવાપાત્ર હોય છે. આ યોજનામાં કર્મચારીના પગારમાંથી ૧૦% રકમ કપાત કરવામાં આવે છે. જેની સામે સંસ્થાએ પોતાના ફાળા તરીકે ૧૪ ટકા રકમ ઉમેરી કપાત કરેલી કુલ રકમ એન.એસ.ડી.એલમાં જમા કરાવવા દરખાસ્ત રજૂ થઈ હતી. આના લીધે કોર્પોરેશન પર આશરે ૮.૩૦ કરોડનો બોજો પડે તેમ છે. હાલ આ યોજનાનો ૩૧૦૦ કર્મચારીઓ લાભ લઈ રહ્યા છે. એ જ પ્રમાણે નવીન વર્ધિત પેન્શન યોજનામાં સમાવિષ્ટ કર્મચારી ફરજ દરમિયાન અશક્ત બને અથવા તો મરણ થાય તો કુટુંબ પેન્શન આપવાનું થાય છે. હાલ જે નવી નીતિ છે તે લાગુ કરવી કે કેમ તે પણ પ્રશ્ન છે. કારણ કે આની અસર ૨૦૦૫ થી કામ કરતા કર્મચારીઓ પર થવાની છે. હાલ કોર્પોરેશનમાં ૧૮૦ થી વધુ લોકોને આ આપવાનું થાય છે, અને તેના કારણે નાણાકીય ભારણ પણ કોર્પોરેશન પર આવશે.

## તંત્રી લેખ....

# ડિજિટલ પેમેન્ટથી સગવડ વધવા સાથે ઓપરેશનલ જોખમ પણ વધ્યું

જ્યારે ડિજિટલ પેમેન્ટના વ્યાપકપણે અપનાવવાથી બેંકિંગ અને મોબાઈલ એપ્સ દ્વારા ઝડપી અને ઓછા ખર્ચના વ્યવહારો અને સરળ ઉપાડ સુનિશ્ચિત થયા છે, તે ઓપરેશનલ સ્થિરતા માટે જોખમો પણ વધાર્યા છે. તેમણે કહ્યું કે આ માટે આઈટી સિસ્ટમ અને ટેક્નોલોજીમાં રોકાણ વધારવાની જરૂર છે, જેથી ઊંચા ભાર દરમિયાન સરળ કામગીરી સુનિશ્ચિત કરી શકાય તેમ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ડેપ્યુટી ગવર્નર સ્વામીનાથન જાનકીરામને જણાવ્યું હતું.

૨૪ કલાકની ઓનલાઈન અને મોબાઈલ બેંકિંગ સેવાઓને કારણે નબળાઈઓ વધવાનું જોખમ છે. આ તણાવના સમયે એક જ સમયે વધુ લોકો પૈસા ઉપાડવાનું જોખમ વધારી શકે છે, જે રોકડની તંગી તરફ દોરી શકે છે.આનું કારણ એ છે કે ગ્રાહકો પરંપરાગત બેંકિંગ સુવિધાના કલાકોની બહાર ગમે ત્યારે ગમે ત્યાંથી પૈસા ઉપાડી શકે છે અને આ માટે તેમને બેંક શાખામાં જવાની જરૂર નથી. આ સાથે, સોશિયલ મીડિયા જેવા લોકોને પ્રભાવિત કરવાના ડિજિટલ માધ્યમોને કારણે, આવી પ્રવૃત્તિઓ ખૂબ જ ઝડપી ગતિ મેળવી શકે છે.

રસપ્રદ વાત એ છે કે ગયા મહિને જ રિઝર્વ બેંકે લિક્વિડિટી કવરેજ રેશિયો સંબંધિત ધોરણોને કડક બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. મોબાઈલ બેન્કિંગ અને ઈન્ટરનેટ બેન્કિંગ વપરાશકર્તાઓની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને, રિઝર્વ બેન્કે રિટેલ ડિપોઝિટ માટે રન-ઓફ ફેક્ટરમાં વધારો કર્યો હતો.

રેગ્યુલેટરે રિટેલ ડિપોઝિટના કિસ્સામાં ૫ ટકા વધારાના રન-ઓફ ફેક્ટરની જોગવાઈ કરી હતી, ફિક્સ અને સેમી-ફિક્સ, જે મોબાઈલ અને ઈન્ટરનેટ બેન્કિંગ સેવાઓ ઓફર કરે છે. જ્યારે વ્યક્તિઓ અથવા ઉદ્યોગપતિઓ તેમની થાપણો ઉપાડે ત્યારે રન ઓફ થાય છે, જેની બેંકો અગાઉથી અપેક્ષા રાખતી નથી.

રિઝર્વ બૅન્કે નોંધ્યું છે કે જ્યારે ટેક્નાલાજીના વધતા ઉપયોગથી સીમલેસ બન્ક ટ્રાન્સફર અને ઉપાડની સુવિધા મળી છે, ત્યારે તેણે જોખમ પણ વધાર્યું છે, જેને સક્રિય સંચાલનની જરૂર છે.

# રશિયાની અંદર ૩૦ કિમી સુધી યુક્રેનની સેના ઘૂસી, રશિયાએ ૮૦ હજાર જેટ્લા લોકોને વિસ્તાર ખાલી કરવા આપ્યો આદેશ

તા.૧૭

રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધને લઈને મોટા સમાચાર સામે આવી રહ્યા છે. યુક્રેને રશિયન સેનાને મોટો ફટકો આપ્યો છે. સમાચાર છે કે યુક્રેનની સેના રશિયાની સરહદમાં ઘૂસીને કાર્યવાહી કરી રહી છે. યુક્રેનની સેના રશિયાના વિસ્તારમાં ૩૦ કિલોમીટર સુધી ઘૂસી ગઈ છે. રશિયા માટે આને મોટો ફટકો માનવામાં આવી રહ્યો છે. રશિયાએ ૮૦ હજાર લોકોને આ વિસ્તાર ખાલી કરવા આદેશ આપ્યો છે. પુતિન માટે આ કેટલી મોટી શરમજનક વાત છે, તે આ ઘટના પરથી સમજી શકાય છે કે બીજા વિશ્વયુદ્ધ પછી પ્રથમ વખત કોઈ અન્ય દેશની સેના રશિયાની ધરતીમાં ઘૂસી ગઈ છે. યુક્રેનિયન સૈન્ય લગભગ ૩૦ કિલોમીટર સુધી રશિયન સરહદમાં પ્રવેશ્યું, અને મોટા વિસ્તાર પર કબજો કર્યો. આ વિસ્તારનું નામ કુર્સ્ક છે, યુક્રેન એક હજારથી વધુ ટેક્ન અને તોપો સાથે રશિયામાં પ્રવેશ્યું અને ભારે ગોળીબાર અને ડ્રોન હુમલા કર્યા છે. ત્યારે રશિયા પણ વળતો પ્રહાર કરશે અને એટલા માટે જ ૮૦ હજાર લોકોને આ વિસ્તાર ખાલી કરવા આદેશ આપ્યો છે. એવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે કે, રશિયા વેક્યૂમ બોમ્બથી યુક્રેન સેના પર હુમલો કરી શકે છે. થર્મોબેરિક તરીકે ઓળખાતો આ વેક્યૂમ બોમ્બ એક વિનાશક બોમ્બ છે, જ્યાં પડે છે ત્યાં ઘાતક રસાયણો છોડે છે. જે પ્રાણવાયુ અને ભેજ શોષી લે છે. જેના કારણે લોકોના શ્વાસ રૂંધાવાથી અથવા ફેફસાના ઈન્ફેક્શનને કારણે મૃત્યુ પામે છે. આ ખતરનાક બોમ્બ મોટી સંખ્યામાં લોકોનો જીવ લઈ શકે છે. રશિયા અગાઉ પણ આ બોમ્બનો ઉપયોગ કરી ચૂક્યું છે. એવો આરોપ છે કે રશિયાએ ૨૦૨૨માં યુક્રેનના ઓઈલ ડિપો પર આ જ બોમ્બ ફેંક્યો હતો. આ વેક્યૂમ બોમ્બનો ઉપયોગ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન હિટલરે પણ કર્યો હતો. યુરોપનો સૌથી મોટો ન્યુક્લિયર પ્લાન્ટ યુક્રેન ઝેપોર્જિયામાં આવેલો છે. આ પ્લાન્ટ હાલ રશિયાના કબજામાં છે. આ પાવર પ્લાન્ટના કુલિંગ સેન્ટરમાં રશિયાએ આગ લગાવી છે અને ચેતવણી આપી છે કે જો તમે રશિયામાં એકપણ કદમ આગળ વધાર્યું છે, તો આ પ્લાન્ટને ઉડાવી દેવામાં આવશે. જો આ પ્લાન્ટ ફાટી જશે તો યુરોપના ઘણા દેશો બરબાદ થઈ જશે.

# પોસ્ટ વિભાગ દ્વારા વિવિધ સેવાને લગતી ફરીયાદો નોંધાવવા માટે વેબસાઈટ અને હેલ્પલાઈન નંબર

તા. ૧૭

અમદાવાદ,

ડિજીટલાઈઝેશનના આ યુગમાં, પોસ્ટ વિભાગ સાથે વિવિધ સેવાને લગતી ફરીયાદો નોંધાવવા માટે નીચેના માધ્યમનો ઉપયોગ કરી શકાય છે. ૧. રજીસ્ટર તથા અન્ય ખાતાકીય ફરિયાદ માટે વેબસાઈટ લિંક દ્વારા ફરિયાદની નોંધણી

https://www.indiapost.gov.in/VAS/Pages/Complaint Registration.aspx

૨. રજીસ્ટર તથા અન્ય ખાતાકીય ફરિયાદ માટે હેલ્પ લાઈન નંબર ૧૮૦૦૨૬૬૬૮૬૮ પર ફરિયાદ કરી શકાશે.

સિટિ ડિવિઝન, અમદાવાદ વહીવટી નિયંત્રણ હેઠળ પોસ્ટ ઓફિસના કાઉન્ટર પર પૂરી પાડવામાં આવતી બચત બેંક, ટપાલ સેવા (સ્પીડ/રજિસ્ટર્ડ), મની ઓર્ડર અને અન્ય તમામ સેવાઓ સંબંધિત ફરિયાદ ઉપરોક્ત પદ્ધતિઓ દ્વારા કરી શકાય છે.

# કેન્દ્ર સરકારે પાવર એક્સપોર્ટ રેગ્યુલેશન્સમાં સુધારો કરીને અદાણી ગ્રુપને મોટી રાહત આપી

તા.૧૭

નવી દિલ્હી,

બાંગ્લાદેશમાં રાજકીય ઉથલપાથલ અને શેખ હસીનાના દેશ છોડ્યા બાદ બાંગ્લાદેશમાં વેપારને લઈને અનેક મૂંઝવણ છે. આ સમયે કેન્દ્ર સરકારે પાવર એક્સપોર્ટ રેગ્યુલેશન્સમાં સુધારો કરીને અદાણી ગ્રુપને મોટી રાહત આપી છે. હવે અદાણીને બાંગ્લાદેશને સપ્લાય કરતા પાવર પ્લાન્ટમાંથી ભારતમાં વીજળી વેચવાની મંજૂરી આપી છે. કેન્દ્રએ હવે અદાણી પાવર માટે સ્થાનિક બજારમાં વીજળી વેચવાનો માર્ગ ખોલી દીધો છે. સેન્ટ્રલ પાવર એક્સપોર્ટ રેગ્યુલેશનને કારણે અદાણી પાવર ઝારખંડમાં ૧૬૦૦ મેગાવોટના ગોડ્ડા પ્લાન્ટમાંથી પાવર માત્ર બાંગ્લાદેશને વેચી રહી હતી. પરંતુ બાંગ્લાદેશમાં સ્થિતિ બગડતાં વચગાળાની સરકાર સાથેનો વ્યવસાયિક સોદો કેવી રીતે આગળ વધશે તે સ્પષ્ટ ન હતું. પરંતુ કાયદામાં સુધારો કરીને કેન્દ્રએ સ્થાનિક બજારમાં વીજળી વેચવાનો માર્ગ ખોલી દીધો છે. હવે અદાણી પાવર દેશમાં વીજળી વેચી શકશે. અદાણી ગ્રુપને નવા સુધારાથી મોટી રાહત મળી છે. હવે, જો બાંગ્લાદેશને વીજળી સપ્લાય કરતી વખતે ચુકવણીમાં વિલંબ થાય અથવા ચૂકવણી ન થાય તો તે દેશમાં તેની વીજળી વેચી શકશે. અદાણી ગ્રુપે કહ્યું કે સરકારના નિર્ણયથી અમે દેશમાં વીજળીની વધતી જતી માંગને પહોંચી વળવામાં મદદ કરી શકીશું. ૧૨ ઓગસ્ટના રોજ જારી કરાયેલા ઉર્જા મંત્રાલયના આદેશ અનુસાર, સરકારે ૨૦૧૮ના પાવર એક્સપોર્ટ રેગ્યુલેશન ગાઈડલાઈન્સમાં સુધારો કર્યો છે. હવે નવા સુધારા અનુસાર જો પાવર જનરેટર વીજળી ઉત્પન્ન કરે છે અને તેની નિકાસ કરવા સક્ષમ નથી તો તેઓ તેને દેશમાં વેચી શકે છે. આ સમગ્ર ઉત્પાદન અથવા તેના પાર્ટ પ્રોડક્શન પણ હોઈ શકે છે.


# "રાહુલ ગાંધી બ્રિટિશ નાગરિક છે ભારતીય નહીં" : સુબ્રમણ્યમ સ્વામીએ હાઈકોર્ટમાં અરજી કરી


નવી દિલ્હી,

ભાજપ નેતા સુબ્રમણ્યમ સ્વામીએ રાહુલ ગાંધીની નાગરિકતાને પડકારતી અરજી હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે. ગયા અઠવાડિયે જ સુબ્રમણ્યમ સ્વામીએ આરોપ લગાવ્યો હતો કે, રાહુલ ગાંધી પાસે બ્રિટિશ નાગરિકતા છે. હવે સુબ્રમણ્યમ સ્વામીએ રાહુલ ગાંધીની નાગરિકતાને લઈને કોર્ટનો સંપર્ક કર્યો છે અને માંગ કરી છે કે કેન્દ્ર સરકારને આ મામલે પગલાં લેવા હાઈકોર્ટ યોગ્ય આદેશ આપે. આ સિવાય સુબ્રમણ્યમ સ્વામીએ હાઈકોર્ટ પાસે માંગ કરી છે કે તે કેન્દ્ર સરકાર પાસેથી મારી ફરિયાદ પર સ્ટેટસ રિપોર્ટ માંગે. ઓગસ્ટ ૨૦૧૯માં સુબ્રમણ્યમ સ્વામીએ કેન્દ્ર સરકારને પત્ર લખ્યો હતો. તેમણે આરોપ લગાવ્યો હતો કે રાહુલ ગાંધી પાસે બ્રિટિશ નાગરિકતા છે અને તેમની પાસે બ્રિટિશ પાસપોર્ટ પણ છે. ભારતીય બંધારણના અનુચ્છેદ ૯ને ટાંકીને સુબ્રમણ્યમ સ્વામીએ કહ્યું હતું કે રાહુલ ગાંધી માત્ર એક જ દેશના નાગરિક બની શકે છે. નાગરિકતા અધિનિયમ ૧૯૫૫નો ઉલ્લેખ કરતા સ્વામીએ કહ્યું હતું કે, રાહુલ ગાંધી પાસેથી ભારતીય નાગરિકતા છીનવી લેવી જોઈએ. બંધારણનો ઉલ્લેખ કરતા સુબ્રમણ્યમ સ્વામીએ કહ્યું હતું કે જો કોઈ નાગરિક બીજા દેશની નાગરિકતા લે છે, તો તેણે ભારતીય નાગરિકતા છોડવી પડે. આ સંદર્ભમાં કેન્દ્ર સરકાર દ્વારા ૨૦ એપ્રિલ ૨૦૧૯ના રોજ રાહુલ ગાંધીને નોટિસ પણ મોકલવામાં આવી હતી. આ નોટિસનો વિષય નાગરિકતા સંબંધિત ફરિયાદ હતી. સુબ્રમણ્યમ સ્વામીએ કહ્યું કે રાહુલ ગાંધી બ્રિટનમાં રજિસ્ટર્ડ કંપની બેકલોપ્સ લિમિટેડના ડિરેક્ટરોમાંના એક છે. તેમણે દાવો કર્યો હતો કે, કંપનીએ ૨૦૦૫ અને ૨૦૦૬માં વાર્ષિક રિટર્ન ફાઈલ કર્યું હતું. તેમના મતે રાહુલ ગાંધીની જન્મતારીખ ૧૯ જૂન, ૧૯૭૦ છે. આ સિવાય રાહુલ ગાંધીને બ્રિટનનો નાગરિક ગણાવ્યો છે.

# ગુજરાત સરકાર દ્વારા મુખ્ય યાત્રાધામોની ફરતે આવેલા નાના-નાના યાત્રાધામોનો ૮૫૭.૧૪ કરોડના ખર્ચે જબરદસ્ત વિકાસ

- **૨૫ વર્ષ પછીની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને કરવામાં આવી રહ્યો છે યાત્રાધામોનો વિકાસ**
- **કોટેશ્વર મહાદેવ, બહુચરાજી, માંચી ચોક, માધવપુર જેવા યાત્રાધામો પર વિશેષ ફોકસ**
- **દ્વારકા કોરિડોર, કૃષ્ણ-રુક્ષ્મણિ મંદિર તેમજ સિદ્ધપુર જેવા તીર્થોમાં પણ પૂરઝડપે વિકાસની કામગીરી**







મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્ર સતત વિકાસ કરી રહ્યું છે. ગુજરાતમાં ધાર્મિક પ્રવાસન સ્થળો અને તીર્થસ્થાનોનું વિશેષ મહત્વ રહેલું છે. રાજ્યમાં પ્રવાસન ક્ષેત્રે જે પ્રગતિ થઈ રહી છે, તેમાં ધાર્મિક પ્રવાસનનો ખૂબ મોટો ફાળો છે, અને તે જોતાં રાજ્ય સરકાર દ્વારા ધાર્મિક પ્રવાસનને વેગ આપવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. રાજ્યના સોમનાથ, અંબાજી, દ્વારકા વગેરે જેવા મોટા અને મુખ્ય યાત્રાધામોના વિકાસ ઉપરાંત, રાજ્ય સરકાર નાના-નાના યાત્રાધામોનો પણ જબરદસ્ત વિકાસ કરી રહી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સમગ્ર દેશમાં ધાર્મિક પ્રવાસનને મોટું પ્રોત્સાહન આપી રહ્યા છે, ત્યારે ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર પણ વડાપ્રધાનના પ્રયત્નોમાં પોતાનું યોગદાન આપી રહી છે. રાજ્ય સરકારે નાના-નાના યાત્રાધામો ખાતે કુલ અંદાજે ?૮૫૭.૧૪ કરોડના ખર્ચે વિકાસકાર્યોનું આયોજન હાથ ધર્યું છે.

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ શ્રી આર. આર. રાવલ જણાવે છે કે રાજ્યના તમામ યાત્રાધામોનો સર્વાંગી વિકાસ કરવામાં આવી રહ્યો છે. તેમાં માત્ર મંદિરોનો જ વિકાસ નહીં, પરંતુ મંદિર પરિસરની સાથે-સાથે સમગ્ર યાત્રાધામનું માસ્ટર પ્લાનિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે, જેથી આગામી ૨૦-૨૫ વર્ષોના વિઝન પ્રમાણે આવનાર પ્રવાસીઓની ગણતરીને ધ્યાનમાં લઈને યાત્રાધામોના વિકાસનો નકશો બનાવી શકાય. આ ઉપરાંત, રાજ્ય સરકાર દ્વારા એ રીતનો વિકાસ કરવામાં આવી રહ્યો છે કે જેથી મંદિર કે યાત્રાધામ માત્ર વરિષ્ઠ નાગરિકો માટે જ હોય એવું ન લાગે, પણ તમામ વયજૂથના લોકોને યાત્રાધામ પોતાનું લાગે.

નાના યાત્રાધામો ખાતે ચાલી રહ્યા છે ૧૬૦થી વધુ વિકાસ કાર્યો

રાજ્ય સરકાર દ્વારા હાલમાં રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાં ધાર્મિક સ્થળોએ થઈ રહેલા વિકાસકાર્યોની વિગતો આપતા બોર્ડના સચિવ શ્રી આર. આર. રાવલે જણાવ્યું કે રાજ્યના મોટા યાત્રાધામોની ફરતે આવેલા નાના યાત્રાધામો ખાતે કુલ ?૮૫૭.૧૪ કરોડના ખર્ચે ૧૬૩ વિકાસકાર્યો હાથ ધરવામાં આવ્યા છે, જેમાંથી ?૬૫૫ કરોડથી વધુના ખર્ચે ૭૬ વિકાસકાર્યો વિવિધ તબક્કામાં પ્રગતિ હેઠળ છે. ઉપરાંત, ?૭૦.૧૯ કરોડના ખર્ચે ૫૭ કામો પૂર્ણ કરવામાં આવ્યા છે અને ?૫૨.૦૮ કરોડના ૨૪ કામો આયોજનના તબક્કામાં છે. ?૭૯.૧૦ કરોડના ૬ કામોનો ચાલુ અંદાજપત્રમાં નવા કામ તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે.અંબાજી-બહુચરાજી યાત્રાધામોની આસપાસના યાત્રાધામોનો ?૨૧૬.૫૧ કરોડના ખર્ચે વિકાસ

રાજયના મહત્વના અંબાજી-બહુચરાજી જેવા યાત્રાધામોની આસપાસ આવેલા યાત્રાધામોનો વિકાસ ?૨૧૬.૫૧ કરોડના ખર્ચે કરવામાં આવી રહ્યો છે. આ પૈકી, માસ્ટર પ્લાનિંગની કાર્યવાહી હેઠળ અંબાજીની આસપાસ આવેલ યાત્રાધામોનો ?૧૩૫.૫૧ કરોડના ખર્ચે વિવિધ પ્રકારે વિકાસ કરવામાં આવી રહ્યો છે. આ વિકાસકાર્યોમાં, ?૩ કરોડના ખર્ચે શ્રી કોટેશ્વર મહાદેવ મંદિરના પહેલા તબક્કાના વિકાસકાર્યો પૂર્ણ થઈ ચૂક્યા છે, શ્રી રીંછડિયા મહાદેવ અને તેની પાસે આવેલા તળાવનું ?૫૩.૯૫ કરોડના ખર્ચે બ્યુટિફિકેશનનું કામ અને તેલિયા ડેમ ખાતે ?૧૨.૧૦ કરોડના ખર્ચે વિકાસકાર્યો પ્રગતિ હેઠળ છે. આ સાથે જ, શ્રી કોટેશ્વર મહાદેવ મંદિર ખાતે બીજા તબક્કાના કાર્યો, શ્રી કામાક્ષી મંદિર અને શ્રી કુંભારિયાજી જૈન તીર્થ તથા અન્ય ધાર્મિક સ્થળો ખાતે કુલ અંદાજિત ?૩૩ કરોડના ખર્ચના વિકાસકાર્યો આયોજન હેઠળ છે. કેન્દ્ર સરકારની 'પ્રસાદ યોજના' હેઠળ ?૩૩.૪૬ કરોડના ખર્ચે પ્રવાસી સુવિધા કેન્દ્ર જેવા વિકાસકાર્યો પણ પ્રગતિ હેઠળ છે. અંબાજી ઉપરાંત, યાત્રાધામ બહુચરાજીના માસ્ટર પ્લાનિંગ હેઠળ ?૮૧ કરોડના ખર્ચે વિવિધ વિકાસકાર્યો આયોજન હેઠળ છે.

પાવાગઢ અને આસપાસના યાત્રાધામો ખાતે ?૧૮૭.૪૯ કરોડના ખર્ચે વિકાસકાર્યો

પાવાગઢ યાત્રાધામ અને તેની આસપાસના તીર્થક્ષેત્રોમાં અંદાજે ?૧૮૭.૪૯ કરોડના વિકાસકાર્યો હાથ ધરવામાં આવ્યા છે. પાવાગઢ યાત્રાધામ ખાતે ?૧૨૧ કરોડના ખર્ચે વિવિધ વિકાસકાર્યો પૂર્ણ કરવામાં આવ્યા છે અને માંચી ચોક ખાતે ?૧૨.૯૧ કરોડના વિવિધ વિકાસકાર્યો પ્રગતિ હેઠળ છે. તેમાં ઑફિસ બ્લૉકનું બાંધકામ, ચાચર ચોકનું સ્ટોન ફ્લોરિંગ, મલ્ટી લેવલ પાર્કિંગ, પ્રવેશ દ્વાર, સાઈનેજિસ, ફાયર-ફાઈટિંગ, વૉટર સપ્લાયના જેવા વિકાસકાર્યોનો સમાવેશ થાય છે. ચાંપાનેરમાં અંદાજિત ?૪૨ કરોડના ખર્ચે રોડ-રસ્તા અને પાર્કિંગના વિવિધ વિકાસકાર્યો શરૂ કરવામાં આવશે. પાવાગઢ ખાતે આવેલ વડા તળાવ પાસે ?૧૧.૫૮ કરોડના ખર્ચે ટેન્ટ સિટી બનાવવામાં આવશે.

પોરબંદર, કચ્છ, દ્વારકા, સિદ્ધપુર ખાતે ?૩૧૮.૧૩ કરોડના વિકાસ કાર્યો

પોરબંદર, કચ્છ, દેવભૂમિ દ્વારકા અને પાટણ જિલ્લામાં ?૩૧૮.૧૩ કરોડના ખર્ચે યાત્રાધામોનો વિકાસ હાથ ધરવામાં આવ્યો છે. પોરબંદરમાં માધવપુર સ્થિત શ્રી કૃષ્ણ-રૂક્ષ્મણિ યાત્રાધામ ખાતે ?૪૨.૪૩ કરોડ, કચ્છમાં માતાનો મઢ યાત્રાધામ ખાતે અંદાજે ?૩૨.૭૦ કરોડ અને નારાયણ સરોવર ખાતે ?૩૦ કરોડના ખર્ચે વિકાસકાર્યો કરવામાં આવી રહ્યા છે. તેવી જ રીતે દેવભૂમિ દ્વારકામાં દ્વારકા કૉરિડોરનો ભવ્ય પ્રોજેક્ટ વિચારાધીન છે. તદ્ઉપરાંત; બેટ દ્વારકાના વિકાસ માટે ?૧૫૫ કરોડનું માસ્ટર પ્લાનિંગ હાથ ધરાયું છે, તેમજ ?૨૫ કરોડના વિવિધ વિકાસ કાર્યો પ્રગતિમાં છે. બીજી તરફ પાટણ જિલ્લાના સિદ્ધપુર ખાતે ?૩૩ કરોડના ખર્ચે વિવિધ વિકાસકાર્યો પ્રગતિ હેઠળ છે.

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું